**પેટા ચૂંટણીમાં પછડાટઃ સોનિયાબેન, તારક મહેતા સિરીયલની દયાની જેમ રાસડા લો તો કદાચ ગુજરાત કોંગ્રેસમાં જોમ આવે!**

# કોંગ્રેસી રાસડાઃ ઢોલકા બોદા વાગ્યા રે લોલ!

## મોકળુ મેદાન...ઉઠાવો કલમ

**પ્રિય વાચક મિત્રો,**

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

### સોનિયાબેન, 'દયા'ની જેમ ઉલળો...

**તંત્રીશ્રી,**

જુનાગઢ મહાપાલિકામાં વિજય મળ્યા પછી આખા ગુજરાતમાં પોતાની સત્તા આવી ગઈ હોય તેમ કોંગીજનો ઉછળતા હતાં. પરંતુ તાજેતરમાં ધારાસભાની પેટા ચૂંટણી યોજાઇ તેમાં ગુજરાતી મતદારોએ કોંગ્રેસની હવા કાઢી નાંખી છે. સાતમાંથી પાંચ બેઠકો કોંગ્રેસ હારી ગઈ છે. મોટા ઉપાડે રાજકારણના રાસોત્સવના કોંગ્રેસે આયોજન કરેલા, પરંતુ નવરાત્રી પહેલા જ કોંગ્રેસના ઢોલકા બોદા થઈ ગયા છે. આ ઓછું હોય તેમ વર્ષોથી કોંગ્રેસના કબ્જામાં રહેલા ગુજરાત ક્રિકેટ એસો. પણ ભાજપના ખિસ્સામાં આવી ગયું છે. આ ઘટનાઓ કોંગ્રેસ માટે ખૂબ નિરાશાજનક છે. એવું લાગે છે કે, ટી.વી. સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા...' નું પાત્ર દયા જે રીતે રાસડા લે છે એ રીતે સોનિયા ગાંધી રાસડા લે તો કદાચ ગુજરાત કોંગ્રેસમાં ચેતના આવે!

નરેન્દ્ર મોદી જેવી તાકાતવર હસ્તી સામે બાથ ભીડવામાં કોંગ્રેસીઓ સદંતર નિષ્ફળ નીવડયા છે. કોંગ્રેસે હવે ૨૪ કલાક પેડ-ગ્લોઝ-હેલ્મેટ પહેરી રાખવા પડશે. નરેન્દ્ર મોદી ગમે ત્યારે ફટકાબાજી શરૂ કરે તો વાંધો ન આવે !

**- સમીર પટેલ**

### ખેડુતોને અન્યાય

**તંત્રીશ્રી,**

સૌરાષ્ટ્રમાં ખેડૂતોની હાલત દેખીને દુખી થનારા જેવી થઈ છે. એકબાજુ કુવાઓમાં પાણી છે બીજી તરફ મગફળીના પાકમાં ચોમાસાનો ત્રીજો વરસાદ ખેંચાતા પાણીની જરૂરીયાત ઉભી થઈ છે પરંતુ વિજળી વારંવાર ગુલ થઈ જાય છે તો કયારેક કલાકો મળતી ન હોય છતે પાણીએ ખેડૂતોનો પાક મુરઝાય રહ્યો છે. ચૂંટણી સમયે સત્તાધારી પક્ષ દ્વારા ખેડૂતોને ૧૪ કલાક થ્રી ફેઈઝ વિજ પુરવઠો પુરો પાડવાનું વચન આપવામાં આવ્યું હતું. ચૂંટણીમાં વિજય થતાંની સાથે જ આપેલાં વચનો જાણે વિસરાય ગયા હોય તેમ ખેડૂતોને ૧૪ કલાક વિજ પુરવઠો પુરો પાડવો તો દૂર રહ્યો ખેડુતોના હકકની ૮ કલાક વિજળી પણ મળતી નથી. હાલમાં ખાસ કરીને જુનાગઢ, જામનગર, પોરબંદર, અમરેલીમાં વિજળીના વાંકે લાખો હેકટરમાં ઉભેલો ચોમાસુ પાક વિજળીના વાંકે મુરઝાય રહ્યો છે. ખેડૂતોને હાલમાં માંડ બે થી અઢી કલાક જ વિજ પુરવઠો મળે છે અને તેમણે અપુરતા પ્રવાહ સાથે અનિયમિત. ઉદ્યોગ ગૃહો નારાજ ન થાય તે માટે કાપ મુકતા નથી. અને ખેડૂતોને નારાજ કરવામાં સરકારને વાંધો ન હોય તેમ વારંવારની રજુઆતો, દેખાવો, ધરણાઓ, વિરોધ પ્રદર્શનો સહિતના કાર્યક્રમો આપવા છતાં જાણે કશું જ ન બન્યું હોય તેમ નિંભર રીતે શાસન ચાલી રહ્યું છે. હદ તો ત્યારે થઈ ગઈ ગણાય જયારે સૌરાષ્ટ્રના લાખો ખેડૂતો વિજળી વાંકે ટળવળતા હોય ત્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી તરણેતરની મજા માણી રહ્યા હોય. ગુજરાતની જનતા કદાચ આવા શાસકોને માફ કરી દેશે પરંતુ ઉપરવાળો કયારેય આવા બેજવાબદાર લોકોને માફ નહી કરે. ભાજપે ખેડૂતો સાથે વિજળીના મામલે વચનદ્રોહ કર્યો છે.

ખેડૂતોને તેમના હકકની આઠ કલાક વિજળી પુરી પાડવી તે રાજય સરકારની ફરજ છે ઉપકાર નથી. બેજવાબદારી ને કારણે ફરજ નિભાવવામાં નિષ્ફળ જનારોને ખેડૂતોએ તેમનું સ્થાન બતાવી દેવું જોઈએ.

**-દેવશી મોઢવાડીયા**
(પોરબંદર)

### જયચંદો, સાવધાન !

**તંત્રીશ્રી,**

રાષ્ટ્રના ધુરંધરો, રાજનેતા અને કલમ સાધકો ભારતના ઐતિહાસીક ઘટનાઓ ઉખેળીને નેગેટીવ ભૂમિકા તૈયાર કરીને દુશ્મનોને અડકતરૂ પ્રોત્સાહન આપી રહ્યા હોય તેવુ નથી લાગતું. ?

મારા રાષ્ટ્રના પહેલી હરોળના બુધ્ધિજીવી લોકોને વિનંતી કે ઈતિહાસની નિષ્ફળ બાજુ ને રજૂ કરવા કરતા સફળ સાઈડ રજૂ કરીને આજની યુવા પેઢીને કોઈ સારો સંદેશો મળે તેવી ઘટનાને દહોરાવી ને હોબાળો મચાવો તો પરીણામો સારા મળે.

રાષ્ટ્રપિતા, કે રાષ્ટ્રના પનોતા પુત્રો સરદાર, શાસ્ત્રી, પંડીત, ગાંધી કે પછી સુભાષબાબુ જેવા રાષ્ટ્ર સમર્પીત વંદનીય નેતૃત્વનો ભુતકાળ ઉખેળીને તેની નેગેટીવ બાજુ મારી મરોળીને રજૂ કરનારી કલમ ભારતના ગૌરવ વંત ઈતિહાસનું મોરલ તોડી શુ પ્રાપ્ત કરવા માગે છે?

ધડ માથા વિનાની નીતિ વિષયક વૃતિ ધરાવતા લોકો નેતૃત્વ કરી રહ્યા છે તેઓને અખબારોની હેડ લાઇન બનાવીને સમાજના ખરા અર્થના સાથીદાર જેવા પેપરોની કિંમતી જગ્યાઓ બગાડવાનું બંધ કરો. ફાલતુ વિચાર ધારાને વધુ મહત્વ આપીને હીરો તરીકે ચીતરવાનું સદંતર બંધ કરો.

આ જેટ ઝડપે આગળ ધપતા દેશના અર્થતંત્રના અનેક પ્રશ્નો છે જેવા કે નિષ્ફળ ન્યાયતંત્ર, ખાડે ગયેલુ પુરવઠા તંત્ર, અને સરાજાહેર ખરીદાઈ રહેલુ સુરક્ષા તંત્ર અને રેલ્વે, એઈર, શિક્ષણ જાણે સત્તાધીશોની જાગીર હોય તેવું વાતાવરણ બની રહ્યું છે. તેને હાર્ટથી ચાર્જીંગ કરવા માટેના કાર્યક્રમો હાથ ધરો. પ્રજાના સળગતા પ્રશ્નો વિશે વિચારનારા જ ખરા અર્થમાં રાષ્ટ્રીય નેતૃત્વના અધિકારી છે.

પુરા ભારતના ૫૫૬ ટૂકડા (રજવાડા) ને એક જ નકશામાં કંડારીને અખંડ ભારતનું નિર્માણ કરનાર વિરાટ વ્યકિત્વ રાષ્ટ્રના લોખંડી નેતા સરદાર વલ્લભભાઈ પટેલ વિશે છણાવટ કરવાની લાયકાત હાલના એક પણ નેતા ધરાવતો નથી આ વાત ધ્યાનમાં રાખીને ઈતિહાસ સાથે ચેડા કરવાનું બંધ કરો અને રાષ્ટ્ર હિત વિચારનારા લોકોએ આ તકવાદી અને સ્વાર્થ ખાતર પોતાની ઓકાત બદલવા તૈયાર થઈ જનારા લોકોને ઓળખીને આગળ વધે.

આ આપણો દેશ આઝાદ છે. અને આવતી પેઢીને અણમોલ આઝાદી આપે જ આપણે સુપ્રત કરવાનો છે વિશ્વની ટોચની બંધુત્વ લાગણી ધરાવતી આપણી સંસ્કૃતિ છે દાખલો મોજુદ છે પુરા ભારતમાં રમઝાન, ગણેશત્સોવ અને પજેસણ ત્રણ ત્રણ ધર્મના તહેવારો શાંતિ અને ભાઈચારાથી હાલમાં જ ઉજવાઈ રહ્યા છે કોઈને તકલીફ નથી ફકત રાજકારણીઓ આ સંસ્કૃતિને વિકૃત ના કરી જાય તેનુ આપણે સૌએ ધ્યાન રાખવાનું છે.

રાજકારણમાં સક્રિય લોકલીડરો ધ્યાન આપે નિઃવિચારે ૧૯૪૭ થી પ્રજા અને હાલની પ્રજા વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. યાદ રહે આજ અમને ગમે તેવો અને કોઈ પણ હોય પણ દેશનો ગદદાર જયચંદ અમને મંજૂર નથી.

**- વંદના કાવડીયા** (રાજકોટ)

### પેન્શનરોનો વાંક શું? ગુન્હો શું?

**તંત્રીશ્રી,**

લોકસભાના ભુતપુર્વ સાંસદોને પેન્શન ન મળતું હોય તેઓને પેન્શન માટે અરજી કરવા લોકસભા સચિવાલય સભ્યોની પગાર અને ભથ્થા શાખા દ્વારા જાહેરાત આપવામાં આવી છે. હવે અગાઉ ભુતપુર્વ લોકસભાના સભ્યો જેઓ માત્ર પાંચ વરસ જ સાંસદ તરીકે રહ્યા હશે તેઓને તાત્કાલીક પેન્શન મળવા લાગશે એટલું જ નહીં પરંતુ પેન્શનનું એરીયર્સ પણ તુરત જ મળી જશે. જયારે પાંત્રીસ-પાંત્રીસ વરસ સુધી સરકારની સેવા કરનારા ભુતપુર્વ નોકરીયાતો કે જેઓ પેન્શનના હકકદાર છે. તેવા નોકરીયાત કે જેઓ તારીખ ૧-૧-૨૦૦૬ પછીથી નિવૃત થયા છે તેઓને હજુ સુધી નવા પગાર પંચ મુજબ પેન્શન કે તેનું એરીયર્સ મળેલ નથી. કેવી વિચિત્રતા છે?! કેવી કરૂણતા છે!! ભુતપુર્વ સાંસદોએ તો પાંચ વરસમાં ઘર ભરી લીધું હશે. પરંતુ આ કર્મચારીઓ નિવૃત થાય ત્યારે તેમની પાસે એક ઘર ખરીદવાની પણ તાકાત નથી હોતી. હવે આ સરકારની એકને ખોળ એક ને ગોળ જેવી નીતિ છે તે જોઈ લ્યો!! ૧-૧-૨૦૦૬ પહેલાં એટલે કે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં જેઓ નિવૃત થયા છે તેઓને પેન્શન અને એરીયર્સનો પ્રથમ હપ્તો પણ આપી દીધેલ છે. જયારે ૧-૧-૨૦૦૬ પછી નિવૃત થનાર તમામને હજુ જુના પ્રમાણે જ પેન્શન મળે છે!! ૧-૧-૨૦૦૯ થી મોંઘવારી હપ્તો ૬ ટકા વધ્યો તે પણ તેઓને મળેલ નથી. હવે જે તે તાલુકા કક્ષાએ તપાસ કરતાં જાણવા મળેલ છે કે તાલુકા પંચાયતના લગત અધિકારીશ્રીઓએ ૧-૧-૨૦૦૬ પછીથી નિવૃત થયેલા કર્મચારીઓના નવા પેન્શન અને એરીયર્સ વગેરે હિસાબ કમ્પલીટ કરી નાખેલ છે અને કોમ્પ્યુટરમાં ડેટા ફીટ પણ કરી દીધેલ છે. પરંતુ લોકલ ફંડ ના કર્મચારીઓ તેઓની વેબ સાઈટ લોક કરીને બેઠા છે તેઓ કોમ્પ્યુટર ખોલતાં નથી એમાં તાલુકા કે જિલ્લા પંચાયત વાળા શું કરે? ગુજરાત સરકારે એક પરીપત્ર જાહેર કર્યો છે કે તા. ૧-૧-૦૬ પછીથી નિવૃત થયેલા કર્મચારીઓને પંદર દિવસમાં પેન્શન અને એરીયર્સ ચૂકવી દેવું. પરંતુ જિલ્લા કક્ષાના કર્મચારીઓ લોકલ ફંડ વાળા આ પરિપત્ર ને ધોળીને પી ગયા હોય તેવું અનુભવાય છે. કારણ કે આ પરિપત્ર થયો તેને પણ એકાદ માસ જેટલો સમય વિત્યો છે છતાં લોકલ ફંડવાળા તેમનું કોમ્પ્યુટર ખોલતા જ નથી!! શા કારણે આ પેન્શનરોનું ઓડીટ થતું નથી તેનો જવાબ આપશે? જેમ પેન્શનરને હજુ કંઈ મળ્યું નથી તેમજ બોર્ડર વિંગ ના જવાનોને પણ હજુ સુધી છઠ્ઠા પગાર પંચનો લાભ મળેલ નથી તેઓ તો ચાલુ કર્મચારીઓ છે. શું તેઓને મોંઘાઈ નહીં નડતી હોય?! આ ભયંકર મોંઘવારીમાં પિસાતા પેન્શનરો પ્રત્યે એલ. એફ. વાળાને કંઈ વાંધો છે, તો જાહેર કરો, નહીંતર લોકલ ફંડની વેબ સાઈટ ખોલી ૧-૧-૦૬ પછી નિવૃત થયેલા કર્મચારીઓનું ઓડીટ કરી તેઓને કુદરતી ન્યાય મળે તે માટે યોગ્ય કરો. ૧-૧-૦૬ બાદ નિવૃત થયેલાઓના વાંક શું? ગુનો શું?!!!

**- જાડેજા ખુમાનસિંહ માવુભા**
(રાજકોટ)

### કપડાં ફેન્સી, મગજ પૌરાણિક !

**તંત્રીશ્રી,**

૨૧ મી સદીનો આધુનિક માણસ દીન - પ્રતિદિન આધુનિકતા તરફ દોટ મુકે છે. પરંતુ મનથી તો જૂની સદીમાં જતો હોય તેવું લાગે છે આજે અમુક કોમના દીકરા-દીકરીઓનાં લગ્ન પહેલાની જેમ સામસામા કરે તો જ ગોઠવાય છે. અથવા તો છોકરાઓ પૈસા આપીને દલાલો દ્વારા ગરીબ કન્યાઓને સ્વીકારે છે. ધીરે ધીરે ક્રમશઃ દીકરીઓની અછતને હિસાબે લગ્નની ઉંમર પહેલાં જ લગ્ન કરી નાખતાં થઈ જશે. અને અંતે થાકી હારીને જુના રીવાજો પ્રમાણે પોતાના સંતાનોનાં પેટે ચાંદલા કરતાં થઈ જાય, તો નવાઈ નહીં. આજે માણસ મેટ્રો-સીટીમાં રહેતો હોય, ગાડી, બંગલા, હોય, ફેશનેબલ હોય. પરંતુ તેમનાં ચહેરા પર કયાંય સાચી ખુશી, આનંદ, રોનક નથી. દેખાતાં. સતત ટેન્શન, તેમનાં જીવને કયાંય નિરાંત નથી.આ એક સનાતન સત્ય છે કે આપણે જાણે - અજાણ્યે જૂના રીવાજો અમુક અંશે અપનાવતા થઈ ગયા છીએ. આજે ઘણાં કુટુંબોમાં પહેલાની જેમ જ મોંઘવારીને કારણે સંયુકતમાં રહેવા લાગ્યા છે. પહેલાની જેમ જ પિતળનાં તાંબાનાં વાસણોમાં તબિયતને કારણે ભોજન લે છે.

જુનું સ્વરૂપ - જૂનાં રીવાજોને આધુનિક નામ અપાયું છે. હકીકતે તેમનું તેમ જ છે. પહેલાં મુનીઓ અખાડામાં જતાં આજે આધુનિક માણસ કલબમાં જાય છે. પહેલાં બ્રહ્મ-મુર્હતમાં ઉઠીને ખેતરોમાં કામ કરવા અથવા અન્ય કામ-ધંધે લાગી જતાં સ્ત્રીઓ ઘરકામ વાસીદુ કરતાં જયારે આજે બ્રહ્મ-મુર્હતમાં ઉઠીને કરવા જાય છે. અથવા કસરત યોગ, કરે છે. પહેલાં ઉપવાસ, એકટાણાંમાં ફળાહાર જ ખાતા આજે ઉપવાસ એકટાણાં ન હોવા છતાં સેહત સારી રાખવા સવાર સાંજ ફ્રુટસનો જયુસ વ. લેતા હોય છે. જે એક કે બીજી રીતે અગાઉની રીત જ છે.

**- રેખા પટેલ,** (રાજકોટ)

### રેલ્વે સુવિધા વધારો

**તંત્રીશ્રી,**

ગુજરાત રેલ્વેને મહત્તમ આવક આપે છે. છતાં રેલ્વે દ્વારા સૌરાષ્ટ્ર, ગુજરાતને આઝાદી કાળની અન્યાય થતો આવ્યો છે. રેલ્વેએ અમદાવાદની ઉપડતી લાંબા અંતરની તમામ ટ્રેન રાજકોટ દોડાવે, તથા ગરીબ રથ એકસપ્રેસ રાજકોટથી બેંગલોર, રાજકોટથી કન્યા કુમારી, રાજકોટ-હાવડા, રાજકોટ-ગોહાટી, રાજકોટ-દિલ્હી વચ્ચે દોડાવવા, દિવસની ટ્રેનોમાં જયાં સુધી સ્લીપર ડબ્બા ખાલી હોય ત્યાં સુધી તમામ દિવસ અને રાત્રીની ટ્રેનોમાં સીટીંગ અને સ્લીપીંગ ટૂંકા આંતર માટે આપવા, અને જયાં ગાડી ખાલી જઈ જતી હોય ત્યાં દંડ લીધા વગર, ટીકીટ લેનારને સ્લીપરનો ચાર્જ લઈ સ્લીપીંગ રીઝર્વેશન આપવા, તથા રાજકોટ-ઓખા તથા રાજકોટ-વેરાવળ લોકલ ૧૭ ડબ્બાની દોડાવો .

**-મહેશ એમ. દવે**
(રાજકોટ)

### શોર

મોં મલકાવું દિલમાં શોર ।
દિલ પર કોનું ચાલે જોર ।।
મુરજાયા બાગોમાં ફૂલ,
પણ આંગણીયે મરકે થોર ।
જીવન પૂછે એ જ સવાલ,
કોની રાતો કોની ભોર ।
એની આંખોંમાં છું કેદ,
દિલ ચોરીને ઠરવ્યો ચોર ।
કોરું છે ઊર્મિનું આભ
કયાંથી નાચે મનનો મોર ।
જીવન રામ તણો વનવાસ,
આશા શબરી, વીણે બોર ।
કયાં ચાલે સતનો વહેવાર,
રાત દિવસ જયાં ટાઢો પહોર ।
'મહરમ' કોને કરવી વાત,
કહું કંઈ સમજે કંઈ ઓર ।।

''મહરમ'' પ્રતાપ રેવર (રાજકોટ)

### સપના

સપના એને ટેરવે બેઠાં,
સપના એની પેનીએ બેઠા,
ઉગી હાથને, સપનાની પાંખ,
ઉડયા, જઈ અંતરિક્ષમાં પેઠા.
હામ નથી આ સપના વીણવા,
ખોબલે ખોબલે ભરીયા, ટોપલા,
સદ્ ભાવીની આશા સપના,
સપના, જીવનભરનાં, સપના.
અજંપાને, જંપાવતા, સપના,
દરિયાના તલ માપે સપના,
અણદીઠાંને દેખાડે સપના.
જીવતરનું છે સ્મિત સપના.
સપનાને વેંચે છે સપના,
સપનાના મારગ સપના,
બુઢાપામાં રાખોને, સપના,
યુવાનીની સવારી સપના.

**-ડો. એન. એમ. મહેતા**
(રાજકોટ)

### આ મહોબ્બત

એ આવ્યાં તો સુંદર મૌસમ થઈ ગઈ.
એ ગયાં તો હરક્ષણ, ગમ થઈ ગઈ.
પહેલા મલમ હતી. એની યાદો બધી.
પછી તો ધીરે ધીરે જખમ થઈ ગઈ.
એ ન થઈ શકયાં મારા છેવટ સુધી.
આખરે એની યાદ. મારી સનમ થઈ ગઈ.
અહી નામ છે. નામ ખાલી ચાહતનું.
આ મહોબ્બત છેલ્લીને પ્રથમ થઈ ગઈ.

**હીતેશ ગાંધી** (રાજકોટ)

### તમે...

ભૂતકાળ બની ભૂંસાઈ જાવું છે,
વર્તમાન બની સાથે ચાલવું છે,
તમે જો બનો હમસફર ભવિષ્યની સાંકળે બંધાવું છે,
પાનખર બની ખરી જાવુ છે,
વસંત બની મનને મ્હેકાવું છે,
તમે જો બનો મૌસમ વરસાદ બની ભીંજાવું છે,
આંસુ બની વહી જાવું છે,
હાસ્ય બની ખીલી જાવું છે,
તમે જો બનો કાજળ આંખોમાં સમાઈ જાવું છે,
શાહી બની કાગળ પર રેલાવું છે,
શબ્દો બની ગુંથાઈ જાવું છે,
તમે જો બનો ઉર્જા ઈતિહાસમાં અમર થાવું છે.

**-જીજ્ઞાસા ચંદારાણા** (રાજકોટ)

### જિંદગી

પ્રતિ પગલે ખમવું પડે નામ એનું જિંદગી.
અણગમતાને નમવું પડે નામ એનું જિંદગી.
હોય માર્ગ કાંટાળોને જોખમી નજર સન્મુખ,
ધરી ધીર ડગ ભરવું પડે નામ એનું જિંદગી.
વાત શાણપણની પ્રત્યેક સ્થળે નથી સારી,
મળે તેને ન્યાય કહેવું પડે નામ એનું જિંદગી.
સમસ્યાની અમાવસ્યા અંધકારને વધારતી,
હાર્યા પછીએ રમવું પડે નામ એનું જિંદગી.
વખતે મેલી દઈને નિજત્વને સિધ્ધાંતોને,
કોઈ બીબાંઢાળે ઢળવું પડે નામ એનું જિંદગી

**-ચૈતન્ય જોષી** (જામખંભાળિયા)

### ગઝલ

દ્વાર પર તું ટકોરા મારી તો, જો.
એકવાર એને તું પુકારી તો, જો.
હું કહીશ - એ બધી અટકળો હશે,
શું છે, તારા ગજવામાં વિચારી તો, જો.
હાથ-પગ બાંધીને દોડવાનું છે,
કેવી દીધી છે જવાબદારી તો, જો.
વળાંકો સઘળા સીધાદોર થઈ જશે,
કિસ્મતને કદી ઠોકર મારી તો, જો.
અવતાર ધરી-ફરાર થઈ ગયો.,
જીંદગી મારી જેમ ગુઝારી તો, જો.
દોડીને આવશે વાકધારા મંત્ર-શી,
નામ એનું ગઝલમાં ઉતારી તો, જો.

**-વિજય આશર** (જામનગર)

### કૃષ્ણને કાગળ

ગામ દ્વારિકા તટ ગોમતીનો, નામ છે. સુંદીરશ્યામ,
એ..મહેલ જેવા મોટા મંદિરમાં છે, મોહનનો મુકામ,
કાગળીયુ દેજો કાનાને
માતા દેવકીના જાયાને
છપ્પન ભોગ તું જમતો શામળીયા, મેવા અને મિષ્ટાન,
એ...કઢીયલ દુધ તું પીતો કાનુડા, ધરાઈને ખાતો ધાન,
મળતું નથી અમને ખાવા
બાપા તેથી બનીએ બાવા...
બસો પચ્ચીસ ભાવ બાજરીનો ઘંઉ ત્રણસોએ તોળાઈ,
એ...વાળુ ખીચડીની ગરીબો કરતાં લાગી છે એમાં લાઈ.
મોંઘીદાટ દાળ છે મગની
એંશી રૂપિયે દાળ તુવેરની
બેરાં થયાં છે. બાપુજી અમારા, કાર્યકરો ના કાન
એ...નેતાઓ મીઠી નિંદરૂ લે છે. બંગલામાં બેફામ,
રેવા નથી ઘર અમારે,
સુવુ ફુટપાથ સહારે...
સુખી શામળીયોને સુખી શ્રીમંતો સુખી છે, સત્તાધીશ
એ...દુબળા દરિદ્રો બહુ છે દુઃખિયા જાણી લે જગદીશ,
દિલાસો કોના દેતું
હૈયુ નથી હાથમાં રેતું.
તારે પેરવા જરકસી જમાને સોનાનો મુગટ સોહાય
એ...પેરવા મળેના અમને પોતડી એબનું ઢાંકણ નામ
દિકરીયુની લાજુ લુંટાતી
ખુનને ખરાબી થાતી...
તેલ ગોળ ખાંડના ભાવ આસમાને પહોંચી ગયાં પરમેશ,
એ...જીવતર અમારા જોખમ ભરેલા. હત્યાઓ થાય હંમેશ,
શીનો ? તું ગરીબનો બેહેલી,
તારે હામ-દામ - હવેલી...
લાગવગવાળાને લાભ સરકારી, ઘેર બેઠા મળી જાય,
એ...સુખ સંપતવાળા શાહુકારોના બી.પી.એલ.માં નામ બોલાય,
ખોટાને છે મોજ મજાયું
ગરીબોને મોત સજાયું.
સત્તાધીશોનીજેવો જ તુજને વાયો કળજુગનો વા,
લીખી તન, તારો, દેવજી કે છે કંયા જઈ નાખવી ઘા
બધેય છે કાગડા કાળા
તારા જેવા વાન વાળા

**--દેવજીભાઇ ધામેલ**

### પાનખરની પીડા

કરીને આંખના કામણ, મને મારણ બનાવે છે,
નજરનાં જામની માયા, નયન ભારણ બનાવે છે.
નથી પડતો કદી જે ચીજનો મારે કશો પણ ખપ,
કરૂં છું દાન જેથી સુહ મને, તારણ બનાવે છે.
ગણી જોખમ મને દેતા નથી. ઘર કોઈ પણ ભાડે,
નથી માંડી શકયો ઘર, એ જતો કારણ બતાવે છે.
હવે વનમાં પ્રવેશ્યો છું, સતાવે કરચલીગાલે,
ખરીને બાલ માથાને ઉકળતા રણ બનાવે છે.
મનોમન જાપ ચાલે છે, નથી મણકા હવે ફરતા,
અસલ કરતા નકલ''સુસ્તી'' વધુ ધારણ બનાવે છે.

**વજુભાઇ પુનાણી ''સુસ્તી''** (પોરબંદર)

-રંગીલા ગણાતા નગરનો ઇતિહાસ-વર્તમાન વાંચો-

## રાજકોટની ઝલકઃ ૧૬૨૦ થી ૨૦૦૯

**તંત્રીશ્રી,**

ગુજરાતના ધડકતા અને વિકાસની હરણ ફાળથી વિજયને પંથે જઈ રહેલું રાજકોટ, આજ દરેક પ્રકારે પ્રગતિને પંથે વસી રહ્યું છે. આ શહેરની વર્તમાનને ભુતકાળની રસપ્રદ વાર્તા છે ૧૬૪૮ માં ભૂચર મોરી એટલે ધ્રોલ પાસે ભીસણ યુધ્ધ થઈ અને તેમાં કુંવર અજાજી વિરગતી પામ્યા કુંવર જસાજી બાકીનું લશ્કર લઈને પાછા વળ્યા, ત્યારબાદ જામ સતાજીએ નવર પાછું મેળવવા ૧૬૬૪ માં તેમનું અવસાન થયું. અને જસાજીની ગાદી પર બેઠા ૧૬૮૦ માં જસાજી જામનું નિદાન થયું. અને જામ લાખાજીએ ગાદી સંભાળી અને તેમના નાનાભાઈ વિભાજી કાલાવડ કુંડલા ખાતે રહેતા અને ત્યારબાદ મામા પાસે સરધાર ગયા, સરધારમાં રહેલા પરાક્રમી વિભાજીને સ્વતંત્ર રાજય ઉભું કરવાનો વિચાર આવ્યો અને એક મધ્ય રાત્રીએ વાઘેલા રાજય પર હુમલો કરી તેનું રાજય કબ્જે કર્યું અને પોતાની બુધ્ધિથી ૧૬૬૨ માં ભાદરવા સુદે સરધારની માલિકિનો પરવાનો વિભાજીએ મેળવ્યો. ૧૬૨૦ માં પોતાના મિત્ર રાજુ સંધીના નામે રાજકોટ ગામ વસાવ્યું. ૧૬૬૪ સુધી આ સ્થળે રાજુ સંધીનો નેસ હતો. વિભાજીનાં અવસાન બાદ તેમના પુત્ર મહેરામણજી અને ત્યારબાદ સાહેબજી ગાદી પર બેઠા આ સમય દરમ્યાન રાજકોટનું મહત્વ વધવા લાગ્યું ૧૭૨૦ માં માસુમખાનને રાજકોટ પર કરેલા આક્રમણમાં મહેરામણજીએ શહાદત વહોરી અને સરધાર-જસદણ-ભાડલા વગેરે ગ્રામ્યને ભેળવી રાજકોટમાં તેણે રાજયની સ્થાપી. અને તેનુ નામ માસુમા બાદ બદલાવી નાખ્યુ પરંતુ મહેરામણજીના સુપુત્ર કુંવર રણમલે ૧૭૩૨ માં માસુમખાનને ઠાર મારી પિતાની ગાદી પાછી મેળવી ૧૭૬૦ માં મોગલ સામ્રાજયનો સૂર્યાસ્થ થયો અને રાજકોટની ભાગોળે મરાઠી લશ્કરોની ત્યા છાવણી લાગી ત્યાર પછી અંગ્રેજોએ રાજકોટને વાઈસરોઈનું થાણું ૧૮૬૮ માં રાજકુમાર કોલેજની સ્થાપના થઈ. ૧૮૯૩ માં કોનોટ હોલ વોટસન મ્યુઝીયમ લેગ લાયબ્રેરી જેવી ઈમારતોના નિર્માણ થયા ૧૯૪૯ માં નગરની પ્રથમ લોક નિયુક્ત સુધરાઇ



રચાઈ શહેરની મધ્યમાં રેલ્વે લાઈન પસાર થઈ. ટ્રેકની પશ્ચિમનો ભાગ શહેર વિસ્તાર બ્રિટીશ શલ્તનતનાં હસ્તક હતો અને સીવીલ સ્ટેશનનો ના નામથી ઓળખાતો ભાગ હુકમત દ્વારા સંચાલીત સુધરાઈ તંત્ર વિકાસ કાર્ય કરતું હતું.

સર્વ પ્રથમ લોક નિયુકત સભાસદોની ચૂંટણી ૨૭ સપ્ટેમ્બર ૧૯૪૯ માં થઈ હતી. જેમાં ૩૫ પ્રતિનિધીઓ હતાં. ૧૯૭૩ માં મ્યુનિસીપાલીટી કોર્પોરેશનનો દરજજો મળ્યો. ૧૯૯૮ માં રૈયા નાના મૌવા, મવડી એ ત્રણ ઉપનગરો રાજકોટ શહેરમાં સમાવી દીધા. અને શહેરનું ક્ષેત્રફળ ૧૦૪૮૬ ચો. કી. કરવામાં આવ્યું. અને ત્યારે ૨૩ વોર્ડમાં બનાવવામાં આવ્યું.

આજે ઉદ્યોગો ઉંચ શિક્ષણ, વેપાર, નોકરી સહિતના મહત્વના ક્ષેત્રે રાજકોટ નંબર ૧ વનનું અગત્યનું કેન્દ્ર બન્યું છે. સાથે મલ્ટી પ્લેકશ થિયેટરો ભવ્ય શોપીંગ સેન્ટરો મોલ્સથી ને ઉંચા ભવ્ય મંદિરોથી શોભતું રાજયનું મેટ્રોસીટી પણ બન્યું છે. આજી નદી ૧૪ તાલુકાએ ભાદર ડેમ, આજી ડેમ, ન્યારી ડેમ, લાલપરી, નર્મદા ડેમ, આધારીત યોજનાઓથી રાજકોટ શહેરને પાણી પુરુ પાડવામાં આવે છે. આ બધા સ્થળો રમણીયને ફરવા લાયક સ્થળો બન્યા છે, લોકોના આનંદ પ્રમોદને બાળકોને રમવા માટે સ્થળો બનાવ્યા છે. આ સાથે મેટોડા આજી વસાહત, જેવા વિશાળ ઔદ્યોગીક કેન્દ્રો બન્યા છે. રેસકોર્ષ એક રાજકોટનું હૃદય બની ગયું છે. ઉંચી ઉંચી ઈમારતો મોટી મોટી દુકાનો અનેકને આર્કષક શહેર બની ગયું છે. વર્ધમાનનગર, ભક્તિનગર, ગુલાબનગર, હંસરાજનગર, રેલનગર, શાસ્ત્રીનગર, બ્રહ્મ સમાજનગર, રામનગર, જેવા અનેક નગરો બની ચુકયા છે. અનેક સુંદર સોસાયટીઓ ઉમદા મકાનો સુંદર બગીચાઓ સુંદર રંગબેરંગી ફુવારાઓ, અનેક ચાર રસ્તાઓ પર સ્ટેચ્યુનું સુંદર આયોજન થઈ ચુકયું છે. ગુજરાતમાં કદાચ પહેલુ સ્મશાન જે મૃત્યુ બાદ પણ નનામીને સંતોષ મળે તેવું સ્મશાન પણ હાલમાં છે. અનેક સેવાભાવી સંસ્થાઓ ટ્રસ્ટીઓ લોકોની સેવા. કાર્ય કરી રહી છે. રસ્તાઓ-સ્ટ્રીટ લાઈટો શહેરને શોભાવી રહ્યા છે. રેલ્વે સ્ટેશન પણ એક સુંદર સ્ટેશન બન્યું છે. જયાથી દુર લાંબા રૂટની ટ્રેન હાવડા-હરદ્વારા-રામેશ્વર-દિલ્હી-મુંબઈ-મદ્રાસ જવા માટે પુરતી સગવડો ઉપલબ્ધ છે. એસ. ટી. બસો શહેરોને ગામડાઓના લોકો રાજકોટ લાવવા લઈ જવા સેવા બજાવે છે. સીટી બસો પણ લોકોની સેવામાં ચાલુ છે. દરેક પ્રકારનાં દર્દો માટે દરેક દર્દના ડોકટરોને મોડલ દવાખાના ઉપલબ્ધ છે. રાજકોટથી અખબારો જેવા કે ગુજરાત સમાચાર, સંદેશ, જયહિન્દ, સાંજ સમાચાર, દિવ્ય ભાસ્કર, નુતન સૌરાષ્ટ્ર, અકિલા, ફુલછાબ, જનસત્તા, લોક સમર્થન, જેવા અખબારો રાજકોટથી જનતાને દેશ-વિદેશના દેશના સમાચારો વહેલી સવારે સાંજે પુરા પાડે છે.

રાજકોટનું જુનું દેવસ્થાન રામનાથ મહાદેવનું મંદિર, આશાપુરા માતાજીનું મંદિર રાજાઓએ બંધાવ્યા છે. જાગનાથ મહાદેવ, વિશ્વેશ્વર મહાદેવ, પંચનાથ મહાદેવ, ધારેશ્વર મહાદેવ જેવા મહાલયો આવેલા છે. મહાવીર હનુમાનનાં લગભગ ૧૫૦ નાના મોટા મંદિરો આવેલા છે. મણીયાર જૈન દેરાસર દિગમ્બર જૈન મંદિર ઘંટાકર્ણ મહાવીર જૈન દેરાસર, નાગેશ્વર, પાર્શ્વનાથ, દેરાસર, જૈન મોટા સંઘનાં ધાર્મિક સ્થળો આવી રહ્યા છે. મુસ્લીમભાઈઓની મસ્જિદ પણ ઘણી આવેલી છે. ગેબનશાહપીર, જુમા મસ્જિદ આવેલી છે. જયાં મુસ્લીમ ભાઈઓ નમાજ પડે છે.

સ્વામીનારાયણનાં બે-ત્રણ મંદિરો આવેલા છે. જેમાં કાલાવડ રોડ પર આવેલ અક્ષર સ્વામી મંદિર સુંદર છે.

બ્રાહ્મણોના દેવ ખરડેશ્વર દાદા કણકોટમાં બિરાજમાન છે. બોલબાલા ટ્રસ્ટ, રણછોડદાસ બાપુ ટ્રસ્ટ, આશારામ બાપુ આશ્રમ, જલારામ પ્રાર્થના મંદિર, ગાયત્રી શકિત પીઠ, ગોરધનનાથજી હવેલી, ચર્ચ, રામકૃષ્ણ આશ્રમ સ્વામી નારાયણ ગુરુકુળ જેવા અનેક આશ્રમો છે. બોલબાલા ટ્રસ્ટ ગરીબો ભીખારીઓને ખીચડી રોટલાનું અનેક સંસ્થાઓ ભોજન કરાવે છે. શહેરમાં ૩૮ પોસ્ટ ઓફીસો, ૧૫ ટ્રાવેલ્સો, ૧૫ પોલીસ સ્ટેશનો, ૧૦ વૃધ્ધાશ્રમકો, ૨૫૦ જેટલી નાણાની લેવડ-દેવની બેન્કો સરકારી કચેરીઓ લગભગ ૫૦ જેટલી છે કેન્દ્રની કચેરીઓ પણ લગભગ ૧૫ જેટલી છે. દરેક પ્રકારની કોલેજો આવેલી છે. આ રીતે રાજકોટનું ધબકતું કિલ્લોલ કરતું છે. પ્રગતિને પંથે નિર્મળ ભાવનાથી ચાલી રહ્યું છે.

ભાતભાતનાં તહેવારો દિવાળી, રામનોમી, હનુમાન જયંતિ, જન્માષ્ટમી, હોળી, મ્હોરમ જેવા હિન્દુ - મુસ્લીમોના તહેવારો પ્રેમ-સંપ ને આનંદથી ઉજવે છે ને રોશનીથી આ તહેવારો ખુબ ઝળહળતા બનાવે છે. રાજકોટમાં પતંગ પર્વ પણ ખુબ જ ઉત્સાહથી ઉજવે છે. આકાશ રંગબેરંગોના પતંગોથી દેખાય છે. શીખો ને સીંધીઓ પોતાના ગુરુ ગુરુનાનકની શોભાયાત્રા કાઢે છે.

બ્રાહ્મણો પરશુરામ જયંતિ ખુબ ઉત્સાહ ભેર ઉજવે છે. આ છે આપણું રણીયામણુ રંગીલું રાજકોટ આવુ રાજકોટને કોટી...કોટી વંદન...ને દિનપ્રતિ દિન વિજયના પંથે નિર્મળ મને પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ આ છે એક સુંદરતાનું પ્રતિક.

**- ગિરીશ દવે**
(રાજકોટ)




**નરેન્દ્રભાઇના હાથમાં બેટ-બોલઃ ક્રિકેટના રાજકારણમાં પણ કોંગ્રેસના છક્કા છૂટી ગયા... કોંગીજનો, હવે ૨૪ કલાક હેલ્મેટ-પેડ-ગ્લોઝ પહેરી રાખજો!**